અપીલ અરજી નં.૧૭૨ તા.૧–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૭–૧૦ની અરજીથી (૧) બટુકભાઈ દેવશીભાઈ પટેલની અરજી તા.૨૧–૪–૧૦ ના અનુસંધાને આપ ધ્વારા તા.૧–૬–૧૦ના પત્ર નં.પુર્વઝોન/ટીડી/૩૯૫,૩૯૬પછીની તમામ કાર્યવાહીની માહિતી તથા કાર્યવાહી ન થઈ તેના ઠોસ કારણો પરિબળો વગેરે માહિતી. (૨) કાળુભાઈ માવજીભાઈની તા.૨૨–૧૨–૦૯ ની અરજી અનુસંધાને આપ ધ્વારા પુર્વઝોન/આ.નં.૧૪૪૭ તા.૨–૨–૦૧ પછીની થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી અને કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો તથા જવાબદાર અધિકારીઓના નામ સાથેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૭૨/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૯–૭–૧૦ની અરજીથી (૧) બટુકભાઈ દેવશીભાઈ પટેલની અરજી તા.૨૧–૪–૧૦ ના અનુસંધાને આપ ધ્વારા તા.૧–૬–૧૦ નાપત્ર નં.પુર્વઝોન/ટીડી/૩૯૫,૩૯૬ પછીની તમામ કાર્યવાહીની માહિતી તથા કાર્યવાહી ન થઈ તેના ઠોસ કારણો પરિબળો વગેરે માહિતી. (૨) કાળુભાઈ માવજીભાઈની તા.૨૨–૧૨–૦૯ ની અરજી અનુસંધાને આપ ધ્વારા પુર્વઝોન/ આ.નં. ૧૪૪૭ તા.૨–૨–૦૧ પછીની થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી અને કાર્યવાહી ન થઈ હોય તો તેના ઠોસ કારણો તથા જવાબદાર અધિકારીઓના નામ સાથેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૨ તા.૬–૯–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને પણ અપીલ અરજીમાં તેમના ધ્વારા પત્ર નં.પુર્વઝોન વરાછાઝોન આ.નં.૧૪૪૭ તા.૨–૨–૨૦૦૧ જણાવેલ છે. જે પત્ર અરજી સાથે સામેલ ન હોઈ જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૦૦ તા.૨૭–૮–૧૦ ના પત્રની નકલ તથા વરાછાઝોન તરફથી આ.નં.૧૭૪૭ તા.૨–૨–૦૧ ના રોજ મકાન રીપેરીંગ અંગેની નોટીસ તેમજ ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એકટ/આરટીઆઈ/૬૯ તા.૨–૮–૧૦ ના તબદીલી પત્રની નકલ અત્રે મળેલ છે. તે ધ્યાને લેતાં અરજદારે અરજીમાં તા.૨–૨–૧૦ ના પત્ર નંબરની વિગત અલગ દર્શાવેલ જણાય છે.

અરજદારની તા.૨૯–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૯ તા.૨–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે મુદ્દા નં.૧ થી બટુકભાઈ દેવશીભાઈ પટેલની તા.૨૧–૪–૧૦ ના રોજ પ્લોટ નં.સી ૨૬૬ વાળી મિલ્કતમાં બિન અધિકૃત ગેરકાયદેસર સજૂ મુકવા કરેલી ફરીયાદ અરજી બાબતે તા.૫–૫–૧૦ ની આરટીઆઈ હેઠળ તેઓએ અરજી કરેલ જે બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/૮૨ તા.૫–૬–૧૦ થી બાંધકામ હિત ધરાવતા ઈસમોને તા.૧–૬–૧૦ ના પત્ર નં.પૂર્વઝોન/ટીડી/૩૯૫–૩૯૬ થી જણાવવામાં આવેલ. જે બાબતે ત્યાર બાદ શી કાર્યવાહી થઈ તેની માહિતી માંગતી અરજી અરજદારે તા.૨૯–૭–૧૦ ના રોજ કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી " સદર પ્રશ્નવાળી મિલ્કતનાં ગેરકાયદેસર બાંધકામ બાબતે હિત ધરાવનાર ઈસમોને ધી બીપી એમસી એકટની કલમ–૨૬૦(૧) મુજબ કારણદર્શક નોટીસ તા.૩૦–૬–૧૦ ના પત્રથી તથા ત્યાર બાદ તાકીદની નોટીસ તા.૧૬–૭–૧૦ ના પત્રથી બજાવવામાં આવેલ. પ્લોટ નં.સી/૨૬૭ ની મિલ્કતની સોસા. રેકર્ડ મુજબની માલીકીની તથા લોકેશનની વિગતો રજૂ કરવા સોસા. પ્રમુખશ્રીને તા.૩–૭–૧૦ તથા તા.૨૨–૩–૧૦ ના પત્રોથી જણાવવામાં આવેલ. અરજદાર ફરીયાદીને મિલ્કતના લોકેશન બાબતે સ્પષ્ટતા કરવા તથા સોસા.ના રેકર્ડ મુજબના પ્લોટ નં.સી/૨૬૭ ની માલીકી દર્શાવતા અદ્યતન અધિકૃત પુરાવા રજૂ કરવા તા.૩–૮–૧૦ ના પત્રથી જણાવવામાં આવે છે. આમ તા.૧–૬–૧૦ બાદ ઉપરોકત કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. " તેવું જણાવેલ છે.આમ મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ માં કાળુભાઈ માવજીભાઈ દેવગણીયાની મોજે કરંજ રે.સ. નં.૩૯/૧,૨ પૈકીમાં નિલકંઠ સોસા.ના ૨૮૯ થી ૨૯૧ ઉપર મુખી ભવન એપાર્ટમેન્ટ ઉપર મોબાઈલ ટાવર ઉભા કરવા અંગે કરેલી ફરીયાદ અરજી બાબતે વરાછાઝોન તરફથી આપેલા પ્રત્યુત્તર પૂર્વઝોન/વરાછા/આ.નં.૧૭૪૭ તા.૨–૨–૦૧ થી આપવામાં આવેલ. જે અંગે અરજદારે તે પછીની કાર્યવાહીની માહિતી માંગતી અરજી અરજદાર તરફથી કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો કે માહિતી આપેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૭–૧૦ ની માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ અંગે કાળુભાઈ માવજીભાઈની અરજી બાબતે થયેલી કાર્યવાહી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી  નહીં પૂરી પડાયેલી માહિતી દફતરી હકીકતલક્ષી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે  અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ :  –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).. ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,